


नदीमुखेनैव समुद्रमाविशेत्

શ્રેણી:૦૩ | અંક:૦૩ | ૨૦૨૫

ઓક્ટોબર(આસો)

# સાંકળિયું


1. **વસ્તુ અને સેવા કર [Goods and Services Tax (GST)]: આપણે અને અર્થતંત્ર** 4

   - ડૉ. ધારાબેન વઘાડિયા

2. **ભારતમાં ઑનલાઈન મની ગેમ્સ: પ્રવાહો અને કાયદો** 10

   - ડૉ. હસમુખ પંચાલ

3. **ગુજરાત વિદ્યાપીઠના પ્રથમ આચાર્ય : અસૂદમલ ટેકચંદ ગિદવાણી** 12

   - ડૉ. મહેશ જાદવ

4. **પ્રવૃત્તિ-દર્પણ** 15

   - શ્રી અદ્વૈતા દવે

5. **આગામી કાર્યક્રમો** 23



**તંત્રી**

ડૉ. હર્ષદ પટેલ

**મુખ્ય સંપાદક**

ડૉ. ધ્વનિલ પારેખ

**સંપાદન મંડળ**

ડૉ. ધારાબેન વઘાડિયા
ડૉ. વિક્રમસિંહ અમરાવત
ડૉ. નીતિન ઢાઢોદરા
શ્રી જિતેન્દ્ર ઢેબરીયા
શ્રી અદ્વૈતા દવે

# સંપાદકીય લેખ

**ડૉ. ધ્વનિલ પારેખ**
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

ઓક્ટોબરનો મહિનો એટલે મહાપર્વનો મહિનો, દિવાળીનો મહિનો. મહાપર્વ એટલા પણ માટે કે ગૂજરાત વિદ્યાપીઠનો સ્થાપના દિવસ પણ આ મહિનામાં આવે છે, 18 ઓક્ટોબર. ગૂજરાત વિદ્યાપીઠ સતત વિવિધ પ્રકારની પ્રવૃત્તિ કરતું રહ્યું છે. એ પ્રવૃત્તિઓનો ચિતાર પણ અમે સાબરમતીમાં આપવાનો પ્રયત્ન કરીએ છીએ. વિદ્યાર્થીના સર્વાંગી વિકાસની સાથેસાથે શિક્ષકોને ધ્યાનમાં રાખીને પણ પ્રવૃત્તિઓ થતી હોય છે. ગાંધીમૂલ્યો પર કેળવણી આપતી સંસ્થાએ એના મૂલ્યોનું જતન આટલાં વર્ષો પછી પણ કર્યું છે, એ મહત્ત્વની વાત છે.

11 ઓક્ટોબરનો દિવસ ગૂજરાત વિદ્યાપીઠ માટે અત્યંત મહત્ત્વનો દિવસ. આ દિવસે પદવીદાન સમારોહ યોજાયો. ભારતના આદરણીય રાષ્ટ્રપતિ શ્રી દ્રૌપદી મુર્મુની વિશેષ ઉપસ્થિતિમાં આખો સમારોહ ગરિમાપૂર્ણ બની રહ્યો હતો. સાથે ગુજરાત રાજ્યના રાજ્યપાલ અને ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રત, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અને કુલપતિ શ્રી હર્ષદભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિ પણ આ સમારોહમાં રહી હતી. આદરણીય રાષ્ટ્રપતિ શ્રી દ્રૌપદી મુર્મુના હસ્તે વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા. સુવર્ણચંદ્રક પ્રાપ્ત વિદ્યાર્થીઓને પણ એક ગૌરવની અનુભૂતિ થઇ હતી. સમગ્ર વિદ્યાપીઠ માટે આ દિવસ એક મોટા પર્વ સમાન બની રહ્યો હતો.

18 ઓક્ટોબર ગૂજરાત વિદ્યાપીઠનો સ્થાપના દિવસ. આ દિવસે ગૂજરાત વિદ્યાપીઠના ધ્યેયોનું વાંચન કરવામાં આવે છે. આ વર્ષે પણ આદરણીય કુલપતિ શ્રી હર્ષદભાઈ પટેલ દ્વારા ધ્યેયોનું વાંચન થયું હતું. ઉપરાંત વિવિધ વિષયો પર જુદાજુદા અધ્યાપકોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. જુદાજુદા અધ્યાપકો દ્વારા તૈયાર થયેલાં વિશિષ્ટ પ્રકાશનોનું આદરણીય ટ્રસ્ટીશ્રીઓના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કુલપતિશ્રીએ દિવાળીના પર્વની સહુને શુભેચ્છાઓ પાઠવી હતી.

સાબરમતીના આ અંકમાં મહેશભાઈ જાદવ દ્વારા વિદ્યાપીઠના પ્રથમ આચાર્ય અસૂદમલ ટેકચંદ ગિદવાણીને યાદ કરવામાં આવ્યા છે. મહેશભાઈએ વિસ્તૃત રીતે એમનાં વ્યક્તિત્વ અને કાર્યોનો પરિચય કરાવ્યો છે. સાંપ્રત સમયમાં બે મોટા નિર્ણયો લેવામાં આવ્યા એની ચર્ચા અન્ય બે લેખોમાં જોવા મળશે. જી.એસ.ટી. અંગે સરકારે જે નવા નિર્ણયો લીધા એનું વિશ્લેષણ ધારા વઘાડિયાએ પ્રસ્તુત કર્યું છે. ઓનલાઈન જુગાર એ ડીજીટલ યુગની દેણ છે અને ધીમેધીમે લોકો એમાં ફસાતા જાય છે ને લાખો રૂપિયા ગુમાવે છે. મોબાઈલની સુવિધાને કારણે એની લત લાગી જાય છે, વ્યક્તિ ખુંવાર થતો જાય છે. સરકારે એ સંદર્ભે યોગ્ય નિર્ણય કર્યો. હસમુખ પંચાલે આ આખી બાબત વિશે તલસ્પર્શી ચર્ચા કરી છે.


ઓક્ટોબરનો આ અંક પ્રગટ થાય છે ત્યારે તંત્રીશ્રી અને સંપાદક મંડળ વતી સહુને દિવાળીના પર્વની અને નૂતન વર્ષની શુભેચ્છાઓ ! સહુના જીવનમાં અજવાળું પથરાતું રહે એવી અભ્યર્થના સાથે કવિ રમેશ પારેખના શબ્દો યાદ કરીએ-

" હે દીવા તને પ્રણામ...
અંધારામાં તું તો કરતો સૂર્ય-ચંદ્રનું કામ..."



# વસ્તુ અને સેવા કર [Goods & Services Tax (GST)]: આપણે અને અર્થતંત્ર

-ડૉ. ધારાબેન વઘાડિયા





**22 સપ્ટેમ્બરથી ભારતમાં GSTના નવા દર અમલમાં આવશે. આ ચર્ચા વિવિધ માધ્યમોમાં ચાલી રહી છે ક્યાંક આ પરિવર્તન અત્યારે જ કેમ તેની ચર્ચા છે, તો ક્યાંક તેનાથી મોંઘવારી ઘટશે કે કેમ તેની ચર્ચા ચાલી રહી છે; પરંતુ આ પરિવર્તન આપણને કઈ રીતે અસર કરશે તેની ચર્ચા સૌથી વધુ મહત્ત્વની છે. પરંતુ તે ચર્ચા થતી નથી. સૌ પ્રથમ GST એટલે શું તે સમજવું જરૂરી છે. જે કર વસ્તુઓ અને સેવા પર નાખવામાં આવે, પરંતુ તેનો બોજ ઉપભો-ક્તાએ સહન કરવાનો છે. કોઇપણ વસ્તુ કે સેવા જયારે વેચવામાં આવે ત્યારે તેના પર નિર્ધારિત GST કિંમત સાથે અથવા કિંમત ઉપરાંત લેવામાં આવે છે.**

ભારતમાં કર માળખાનું મોટું પરિવર્તન GST છે, તેની શરૂઆત 1 જુલાઈ 2017થી થઇ છે. ભારતના કર માળખામાં પરોક્ષ વેરામાં વેટ, સર્વિસ ટેક્સ, એક્સાઈઝ, ઓક્ટ્રોઈ, અને એન્ટ્રી ટેક્સના સ્થાને એક જ કર તરીકે GST અસ્તિત્વમાં આવેલ. શરૂઆતમાં GST કાઉન્સિલ દ્વારા GSTના મુખ્ય ચાર સ્તર નિર્ધારિત કરવામાં આવેલ 5 ટકા, 12 ટકા, 18 ટકા, 28 ટકા. જોકે, તે ઉપરાંત કેટલાક પર અન્ય દર અને કેટલાક શૂન્ય દર પણ હતા એટલે વાસ્તવમાં ઘણા દર હતા. તેમાં દર અનુસાર વસ્તુઓની વહેચણી સમયાન્તરે બદલતી રહી છે. તે અંતર્ગત 56મા સુધારા તરીકે GST સ્લેબ ઘટાડીને 2 કરવાનું નિર્ધારિત કરાયું છે જોકે શૂન્ય, 5, 12, 40 એમ ફેરફાર પછી પણ ચાર સ્તર છે જ. વસ્તુઓ અને સેવાઓના કરના દરના પ્રમાણમાં નોંધપાત્ર પરિવર્તનો સ્થાનિક માંગમાં વધારો કરવા, તેમજ અમેરિકન ટેરીફથી નિકાસ ક્ષેત્રને થયેલ નુકસાનની ભરપાઈ કરી શકશે કે નહીં, તે તો મૂડીરોકાણના પ્રમાણ અને ક્ષેત્ર દ્વારા જ નિર્ધારિત થઇ શકે. પરંતુ તે અંગે સમજવા માટે ભારતીય નાગરિકોના વપરાશ અને તેમાં વિભિન્ન વસ્તુઓ પાછળ થતા ખર્ચના પ્રમાણની જાણકારી દ્વારા માહિતી મેળવી શકાય.

**MOSPI (Ministry of Statistic and Program Implement) દ્વારા HCES (Household Consumption Expenditure Survey)2023-24** કુંટુંબના વપરાશી ખર્ચનો સર્વે કરવામાં આવેલો હતો. તેમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારના કુટુંબો કઈકઈ વસ્તુઓ પાછળ કેટલો કેટલો ખર્ચ કરે છે તેની માહિતી રજૂ કરવામાં આવેલી હતી. તે માહિતીના આધારે અર્થતંત્રના વિભિન્ન ક્ષેત્ર અનુસાર GSTના દરમાં થતા પરિવર્તનોથી ખર્ચમાં કેટલો ફેરફાર થઇ શકે તે અંગે તેમજ અર્થતંત્ર પર શું અસર થઇ શકે તે અંગે અહી વિશ્લેષણ રજૂ કરવામાં આવેલ છે.

**ખાદ્યપેદાશ :** કુલ વપરાશ અંતર્ગત ખાદ્ય પેદાશોમાં વિવિધ વસ્તુઓ માટે થતા ખર્ચનું પ્રમાણ ભિન્ન છે, જેમકે જરૂરિયાતની વસ્તુઓ દૂધ, દૂધની બનાવટો માટે થતા ખર્ચનું પ્રમાણ ગ્રામીણ ક્ષેત્રે 8.7 ટકા છે તો શહેરી ક્ષેત્રે 7.2 છે. પરંતુ પીણાં અને સૂકા નાસ્તા, સૉસ જેવી બનાવટો પાછળ થતો ખર્ચ કુલ ખર્ચના ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં અનુક્રમે 9.8, 11.1 જેટલું છે આમ દૈનિક વપરાશની જીવન જરૂરી વસ્તુઓ માટે થતા ખર્ચને તપાસીએ તો તે કુલ ખર્ચના 18 ટકા જેટલો ખર્ચ ખાદ્યપેદાશ માટે થાય છે તેમાં GSTમાં આવેલ પરિવર્તન નીચેના આલેખમાં રજૂ કરવામાં આવેલ છે.


આલેખ અનુસાર જાણી શકાય છે કે જે જીવનજરીરિયાતની વસ્તુઓ દૂધ અને તેની બનાવટો, પરના કરનું પ્રમાણ શૂન્ય થયું છે જયારે પ્રક્રિયા કરેલ વસ્તુ પરનો કર ઘટીને 5 ટકા ટકા થયો છે ત્યાં કુલ ખર્ચના 10 ટકા જેટલો ખર્ચ કરવામાં આવતો હતો આમ કુલ ખાદ્ય અને દૈનિક વપરાશની વસ્તુઓ પર 25 ટકા જેટલા કરના ખર્ચમાં ઘટાડો થશે. પરંતુ આમાં સૌથી મહત્ત્વનો તે છે કે આ વસ્તુઓ બનાવતી પેઢી કિંમત અને પ્રમાણમાં શું પરિવર્તન કરશે અને કેટલો લાભ ગ્રાહક સુધી પહોચાડશે તે જુદીજુદી પેઢીની બજારની સ્થિતિ પર આધારિત બાબત છે. પરંતુ ખાદ્ય પેદાશોની માંગ મૂલ્ય અનપેક્ષ (કિમત વધારા/ઘટાડાની વસ્તુની એકમોની માંગ પર ઓછી અસર) હોવાથી કિંમત ઘટતા માંગમાં નોંધપાત્ર વધારો થવાની સંભાવના નગણ્ય છે.





| **ટકાઉ વપરાશી વસ્તુઓમાં આવેલ GST પરિવર્તન** | **પ્રવર્તમાન GST દર** | **નવો GST દર** | **દરમાં ઘટાડો** |
|---|---|---|---|
| દૈનિક વપરાશના ઉપકરણો (ટ્રીમર, મિક્સર) | 18 ટકા | 5 ટકા | 13 ટકા |
| એર કન્ડીશનર, ટીવી, ડિશવૉશર, પ્રોજેક્ટર | 28 ટકા | 18 ટકા | 10 ટકા |

**ટકાઉ વપરાશી વસ્તુઓ:** ભારતમાં કુલ વસ્તીમાં સૌથી મોટો વર્ગ મધ્યમ વર્ગ છે, આવકના વધારા સાથે જે વસ્તુઓની માંગ વધવાની સંભાવના સૌથી વધુ છે, તે ટકાઉ વપરાશી વસ્તુઓ છે. જોકે કુલ વપરાશી ખર્ચમાં ટકાઉ વપરાશી વસ્તુઓ પાછળ થતો ખર્ચ ગ્રામીણ વિસ્તારમાં અને શહેરી વિસ્તાર બન્નેમાં સરખું 6.9 ટકા છે. કોષ્ટક અનુસાર ટકાઉ વપરાશી વસ્તુઓની કિંમતમાં નોંધપાત્ર ઘટાડો લાવી શકે, પરંતુ કુલ વપરાશમાં તેનો હિસ્સો કુલ ખર્ચના 7 ટકા જેટલો હોવાથી માંગમાં નોંધપાત્ર વધરો કરી શકતું નથી.

**સ્વાસ્થ્ય અને શિક્ષણ:** સ્વાસ્થ્ય અને શિક્ષણ માનવજીવનની ગુણવત્તા સાથે સંકળાયેલાં ક્ષેત્રો છે જે વિકાસની સાથે વધુ વ્યાપક બને છે. આરોગ્ય અને શિક્ષણના ક્ષેત્રે કરવાનાં પરિવર્તનો નીચેના આલેખમાં જોઈ શકાય છે. રાષ્ટ્રીય નમૂના સર્વેક્ષણ કચેરી [National Sample Survey Office (NSSO)]ની માહિતી અનુસાર કુટુંબના માસિક વપરાશી ખર્ચની માહિતીમાં કુટુંબના સ્વાસ્થ્ય માટેના ખર્ચનું પ્રમાણ ગ્રામીણ વિસ્તારમાં 7.6 ટકા અને ગ્રામીણ વિસ્તારમાં 5.9 ટકા છે, જયારે શિક્ષણ માટે થતા ખર્ચનું પ્રમાણ ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં અનુક્રમે 3.31 ટકા અને 5.77 ટકા છે આમ આ બન્ને ખર્ચમાં ઘટાડો થતા લોકોની પરોક્ષ આવકમાં વધારો થશે.



દૈનિક વપરાશની વસ્તુઓ : દૈનિક વપરાશી વસ્તુઓમાં કપડાં, ચપ્પલ, રમતગમતની વસ્તુઓ ઘરવપરાશની વસ્તુઓનો સમાવેશ થાય છે. આ વસ્તુઓમાં 12 ટકા કરદર ઘટાડીને 5 ટકા કરવામાં આવેલ છે. કાપડ ઉદ્યોગમાં વિવિધ સ્તરે કરમાં ફેરફાર કરવામાં આવેલ છે, જે કપડાંની કિંમતમાં કેટલો ફેરફાર લાવી શકે તે નીચેના આલેખ પરથી સમજી શકાય.





આલેખ અનુસાર ₹ 2500 સુધીની કિંમતના તૈયાર વસ્ત્રોમાં કર 12 ટકાથી ઘટાડી 5 ટકા કરવામાં આવ્યો છે જે ગ્રાહકને સીધી રીતે અસર કરે છે. જયારે હસ્તકલા, હેન્ડલુમ, ચપ્પલ પરનો કર 12 ટકાથી ઘટાડી 5 ટકા કરવામાં આવેલ છે. પરંતુ ₹ 20, 40, 50, થી 1.50 લાખ સુધીના ઉત્પાદકો GSTમાંથી બાકાત છે, તેમને 1 ટકા કર લાગે છે; પરંતુ તેને ઉત્પાદનનાં સાધનો પર GST બાદ મળતું નથી. તેથી નાના ઉત્પાદકોનો ઉત્પાદન ખર્ચ ઘટતો નથી. તેના કાચામાલનો ખર્ચ ઘટવા છતાં તેનો લાભ મળવાપાત્ર થશે નહી. ₹ 1.50 લાખથી વધુ ટર્નઓવર ધરાવતા ઉત્પાદકોને GSTનો લાભ વિશેષ મળવાપાત્ર થશે. કેમકે તેઓને કાચામાલમાંથી GST બાદ મળવાથી ઉત્પાદન ખર્ચ ઘટશે અને નફો વધશે. પરંતુ તેમાંથી ગ્રાહકને કેટલો નફો મળી શકશે, તે પરિવર્તન પછી જ જાણી શકાય.

સ્વયંચાલિત વાહન (ઓટોમોબાઇલ) ક્ષેત્ર : HSEC અનુસાર ગ્રાહક પોતાના કુલ ખર્ચના 7.5 ટકાથી 8.5 ટકા જેટલો ખર્ચ વાહનવ્યવહાર માટે કરે છે જે ગ્રામીણ ક્ષેત્રે ઓછો અને શહેરી ક્ષેત્રે વધુ છે.



ઓટોમોબાઇલ ક્ષેત્રે પ્રવર્તમાન દરમાં 10 ટકા જેટલો ઘટાડો કરવામાં આવેલ છે જ્યારે મોટી કાર અને 350CCના દ્વિચક્રી વાહનો પર કારનો દર વધારી 40 ટકા કરવામાં આવેલ છે. ઇલેક્ટ્રિક વાહનો પરનો કરનો દર સ્થિર છે. પરંતુ આપણા દેશમાં મોટાભાગનો મધ્યમ વર્ગ 350CCથી ઓછી ક્ષમતાનાં જ વાહનો ખરીદે છે. તેથી ઓટોમોબાઇલ ક્ષેત્રમાં માંગ વધવાની સંભાવના છે, પરંતુ તેનો મોટો આધાર પેટ્રોલ- ડીઝલની કિંમતો પર પણ છે કેમકે તે GSTનાં ક્ષેત્રથી બહાર છે. GSTના કરદરમાં ઘટાડાથી રાજ્યની આવકમાં જે ઘટાડો થશે, તેને સરભર કરવા માટે રાજ્ય અશ્મિજન્ય બળતણ પરના કરમાં કેટલો ફેરફાર કરે તે  દરેક રાજ્ય સરકાર પર આધાર રાખે છે. પરિણામે વાહન સસ્તા થશે, પરંતુ આ ક્ષેત્ર કેટલી તેજી લાવશે તેનો આધાર અન્ય પરિબળો પર આધારિત છે.






## દૈનિક સેવાઓ

દૈનિક સેવાઓમાં સૌન્દર્ય અને સ્વાસ્થ્ય (બ્યુટી અને વેલનેસ) સેવાઓ (ઉદાહરણ તરીકે સેલોન, જીમ, યોગ કેન્દ્ર) વગેરેનો સમાવેશ થાય છે. તેના પર પ્રવર્તમાન કરદર 18 ટકા છે, જે ઘટીને 5 ટકા થશે. આ માંગ મોટા ભાગે શહેરી વસ્તીની છે. શહેરી લોકોના ખર્ચમાં ઘટાડો થઇ શકે. બીજી મહત્ત્વની સેવામાં જીવન અને આરોગ્યનો વીમો છે તેમાં 18 ટકા કર હતો, તે શૂન્ય કરવામાં આવેલ છે. અલબત્ત, પરંતુ વીમા કંપનીઓના મતે તેમને ઈનપુટ ક્રેડીટ (કાચામાલ પરના કરની બાદબાકી) મળતી ન હોવાથી તેઓ ગ્રાહકને 18 ટકા કર ઘટવાનો ફાયદો આટલી માત્રામાં નહી આપી શકે. આમ સેવા ક્ષેત્રે સૌથી વધુ મહત્ત્વની બાબત જેતે સેવા પૂરી પડનાર ગ્રાહકને કેટલો ફાયદો આપશે તે અન્ય વસ્તુની માફક જ છે.

## બાંધકામ ક્ષેત્ર

| વસ્તુ | જૂનો GST દર | નવો GST દર | ઘટાડાનું પ્રમાણ |
|---|---|---|---|
| સિમેન્ટ | 28 | 18 | 10 |
| ગ્રેનાઇટ બ્લોક્સ | 12 | 5 | 7 |
| મારેબલ / ટ્રાવર્ટાઇન બ્લોક્સ | 12 | 5 | 7 |
| સેંડ-લાઇમ ઈટ બલોક્સ | 12 | 5 | 7 |
| સ્ટોન ઇનલેઈ વર્ક | 12 | 5 | 7 |

મકાન નાગરિકો માટે અત્યંત મહત્ત્વનું અને સૌથી વધુ ખર્ચાળ ક્ષેત્ર. બાંધકામ ક્ષેત્રના કાચામાલ પરના કર દરમાં ઘણા પરિવર્તનો થયા છે તેને કોષ્ટક પરથી જાણી શકાશે.




બાંધકામ ક્ષેત્રે સિમેન્ટ પર 10 ટકા કરમાં ઘટાડો થયેલ છે. પરંતુ સિમેન્ટ ઉદ્યોગનું કાર્ટેલ (આ શબ્દ અર્થશાસ્ત્રનો છે. જયારે થોડીક પેઢીઓ એકઠી થઈને કિમત નક્કી કરે છે.) હોવાથી કિંમતમાં ઘટાડો અને ગ્રાહકને કેટલો ફાયદો થશે તે ◌ાર્થ છે. સામાન્ય રીતે કાર્ટેલ ધરાવતા ઉદ્યોગ કિંમતને વળગી રહેવાનું વલણ ધરાવતા હોય છે. જો સરકાર દ્વારા કિંમત ઘટાડવાની ફરજ પાડવામાં આવે તો જ કિંમત ઘટવાની સંભાવના છે; પણ કેટલી તે ઉત્પાદકો પર જ આધારિત છે. ઉપરાંત અન્ય કાચામાલમાં બ્લોક્સ અને પથ્થરના કરદરમાં ઘટાડો થયો છે, પરંતુ બાંધકામ ક્ષેત્રે મકાનની કિંમત અને પડતર વચ્ચે ઘણો મોટો તફાવત હોવાથી મકાનની કિંમતોમાં કેટલો ઘટાડો આવશે તે સમયાંતરે જ જાણી શકાય.

# ટેરિફ અને GST

**ભારત દ્વારા અમેરિકામાં થતી નિકાસની આવક, ભારતની કુલ નિકાસી આવકમાં મહત્ત્વનો હિસ્સો ધરાવે છે. એક અંદાજ અનુસાર નવા ટેરિફના દરના કારણે ભારતની નિકાસી આવકોમાં ₹ 4 લાખ કરોડનો ઘટાડો થવાની સંભાવના છે. એક ચર્ચા પ્રમાણે નિકાસી આવક ઘટતા સ્થાનિક માંગમાં વધારો કરવા માટે કરદરમાં ફેરફાર કરવામાં આવેલ છે. પરંતુ NSSO અને આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન [International Labour Organisation (ILO)] અનુસાર ભારતના કુલ શ્રમદળના 80 ટકા અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે, જયારે માત્ર 20 ટકા સંગઠિત ક્ષેત્રમાં રોજગાર મેળવે છે.**




અસંગઠિત ક્ષેત્રમાં નાના અને સીમાંત ખેડૂતો, ખેતમજૂર, બાંધકામ ક્ષેત્રમાં શ્રમકાર્ય કરતા શ્રમિકો, છૂટક નાના વ્યાપારી, સ્વવ્યાવસાય કરતા નાના દુકાનદારો, વગેરેનો સમાવેશ થાય છે, GSTનું પરિવર્તન આ ક્ષેત્ર કામ કરતા લોકોની આવકને ઓછું પ્રભાવિત કરશે. કેમકે નાના ઉત્પાદકો કે જે ₹ 1.50 કરોડથી ઓછું ટર્નઓવર ધરાવે છે તે GSTમાંથી બાકાત છે, તેમને 1 ટકા કર ભરવાનો છે. પણ તેમને કાચામાલ પર કરરાહત બાદ મળતી નથી, તેથી તેનું ઉત્પાદન ખર્ચ મોટા ઉત્પાદકોની તુલનામાં વધી જાય છે. ખેડૂતો માટે ખેતઓજારોમાં પિયતના સાધનો પર કરદર ઘટાડીને પત્ક કરવામાં આવેલ છે. જ્યાં પિયતની સુવિધા નથી, ત્યાં આવી રાહતનાં કારણે ખેડૂતો કે ખેતશ્રમિકોની આવકમાં કોઈ ફેરફાર થશે નહીં. અસંગઠિત શ્રમિકોની નોંધણી ઈશ્રમ (e-Shram) પોર્ટલ પર કરવામાં આવેલ છે. તેની માહિતી અનુસાર વર્ષ 2025 સુધીમાં 28 કરોડ શ્રમિકોએ નોંધણી કરાવેલ છે. તેમાં 92 ટકા શ્રમિકો ₹ 10,000 કે તેથી ઓછી આવક ધરાવે છે. જો તેને કુટુંબની આવક ગણીએ, તો તેઓ ગરીબી રેખા નીચે આવે છે.

GSTના દર ઘટવાથી જે માંગમાં વૃદ્ધિ થવાની સંભાવના છે, તે સંગઠિત ક્ષેત્રમાં છે. શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ઈ-કોમર્સનું ક્ષેત્ર 20-25 ટકાના દરે વધી રહ્યું છે તેના પરિવર્તનોથી સંગઠિત ક્ષેત્રની માંગમાં વધારો કરશે, તેના કારણે ઉત્પાદન, આવક અને મૂડીરોકાણમાં વધારો થશે. પરંતુ 80 ટકા અસંગઠિત ક્ષેત્રની માંગમાં ઘટાડો થશે પરિણામે કરરાહતની અસર તેની આવક પર નહિવત રહેશે. હાલમાં અસંગઠિત ક્ષેત્રની માંગમાં ઘટાડો થઇ રહ્યો છે. નાના ઉત્પાદકો/વ્યાપારીઓને કરના દરના ઘટાડાથી લાભ ન મળવાના કારણે માંગ, આવક ઉત્પાદનમાં ઘટાડો લાવશે. તેના પરિણામે 80 ટકા કામ કરતા લોકો આવક લગભગ સ્થિર રહેવાંથી કુલ માંગમાં વૃદ્ધિ થઇ શકે તેવી સંભાવના ન્યૂનત્તમ છે.

કોલસા પર GSTનું પ્રમાણ 5 ટકાથી વધારી 18 કરવામાં આવ્યું છે. ભારતમાં વીજળીના કુલ ઉત્પાદનમાં સૌથી વધુ કોલસા દ્વારા વીજળીનું ઉત્પાદન કરવામાં આવે છે. વીજળીની કિંમતમાં વૃદ્ધિની સંભાવના છે, જે તમામ વર્ગને અસર કરશે. ઉપરાંત GST ફેરફારથી રાજ્યની આવકમાં ઘટાડો થશે, ત્યારે રાજ્ય પોતાની આવકની ખાધને ભરપાઈ કરવા પેટ્રોલ-ડીઝલ પરના કર વધારી શકે. આ કરવધારો દરેક રાજ્ય અનુસાર ભિન્ન હોઈ શકે. વ્યસનની વસ્તુઓ પરનો દર વધારીને 40 ટકા કરવામાં આવેલ છે, જે લોકોનાં દૈનિક ખર્ચ પર નકારાત્મક અસર સર્જી શકે. કરના પરિવર્તનો સમગ્ર અર્થતંત્રની માંગમાં વૃદ્ધિ કરે તે માટે સરકાર દ્વારા પ્રયત્નો થયા છે.

**છેલ્લા ત્રણ વર્ષના બજેટ પરથી પણ કહી શકાય કે સરકાર આંતરમાળખા પર ખર્ચ કરી રહી છે, રસ્તા અને પુલ બની રહ્યા છે. ટેકનોલોજીના પરિણામે ખાડા ખોદવાથી લઇ રસ્તા અને બાંધકામમાં શ્રમની જગ્યા આવા સાધનોએ લીધી છે. પરિણામે ખર્ચ વધવા છતાં રોજગાર વધતો નથી. ઉપરાંત બજેટમાં સરકારનું મૂડીરોકાણ વધે છે, પણ ખાનગી મૂડીરોકાણ નથી. ભવિષ્યમાં આ માંગ કેટલી રહેશે તે આવનાર સમય જ નિર્ધારિત કરી શકે.**

# ભારતમાં ઓનલાઈન મની ગેમ્સ પ્રવાહો અને કાયદો




**ડૉ.હસમુખ પંચાલ**
**મપ્રાધ્યાપક, સમાજશાસ્ત્ર વિભાગ,**
**ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.**

ભારતમાં રમતોનો ઇતિહાસ ખૂબ જ પ્રાચીન અને વૈવિધ્યસભર છે. અંગ્રેજો ભારતમાં આધુનિક રમતો લાવ્યા જેમ કે ક્રિકેટ, હોકી, ફૂટબોલ, ટેનિસ, ગોલ્ફ વગેરે. 1885માં ભારતની પ્રથમ ફૂટબોલ ક્લબ કોલકત્તામાં શરૂ થયેલ. 1888માં ફૂટબોલ લીગ શરૂ થઈ, જે એશિયાની પહેલી લીગ હતી. 1948માં ભારતે પ્રથમવાર ઓલિમ્પિક્સમાં ભાગ લીધો. હોકીમાં ભારતે 8 ઓલમ્પિક ગોલ્ડ મેડલ જીત્યાં, જેમાં 1928 થી 1956 સુધી સતત 6 ગોલ્ડનો સમાવેશ થાય છે. ક્રિકેટ ધીમે ધીમે રાષ્ટ્રીય રમત જેવી લોકપ્રિય બની. 1983માં ભારતે પ્રથમવાર વર્લ્ડ કપ જીત્યો. ભારતમાં પરંપરાગત અને લોકરમતોમાં પ્રાદેશિકતા જોવા મળે છે. જેમ કે કબડ્ડી, ખો-ખો, મલ્લખંભ (ગુજરાત, મહારાષ્ટ્ર, દ.ભારત), ગિલ્લી-ડંડા, લટ્ટુ, પઠીયું, ચોપડ (ગુજરાત, ઉ.ભારત), સિલંબમ, કલરિપયટ્ટુ (દ.ભારત), પોળો (મણિપુર), પતંગબાજી (ગુજરાત, ઉ.ભારત). આ રમતો ગ્રામીણ ભારતની સામૂહિક એકતા જાળવવામાં મદદરૂપ થાય છે.

**કોવિડ-19 થી શિક્ષણમાં ઓનલાઈન શિક્ષણની પ્રગતિ થઈ.**
મોબાઈલમાં શિક્ષણ આવ્યું તેવી જ રીતે મોબાઈલમાં રમતો પણ આવી. યુવાનોમાં રમતનું સ્થાન બદલાયું છે. યુવાનોની એક મોટી સંખ્યા મુખ્યરૂપથી ઈન્ટરનેટ પર નિર્ભર છે અને તે ઓનલાઈન ગેમિંગની ટેવ ધરાવે છે. ઓનલાઈન ગેમિંગ ગ્રામીણ અને શહેરી બંને ક્ષેત્રોમાં ખૂબ જ લોકપ્રિય રમત છે. ઓનલાઈન મની ગેમ એટલે શું? મોબાઈલ અથવા લેપટોપ પર રમાય તેવી ગેમ્સ જેમાં વ્યક્તિ પૈસા જમા કરીને આ આશા સાથે રમે છે કે તેને પૈસા અથવા અન્ય રૂપમાં લાભ મળશે. ઓનલાઈન ગેમિંગને બે શ્રેણીમાં વહેંચવામાં આવી છે.

**પહેલી ઈ-સ્પોર્ટ્સ અને બીજી રિયલ મની ગેમ્સ.**
ઈ-સ્પોર્ટ્સ એવી ગેમ્સ છે, જેમાં ગેમ રમવા માટે પૈસાની લેવડ-દેવડ થતી નથી. જીટીએ, કોલ ઓફ ડ્યૂટી, બીજીએમઆઈ, ફ્રીફાયર જેવી ગેમ્સનો સમાવેશ થાય છે (સરકાર તેને પ્રોત્સાહિત કરશે). રિયલ મની ગેમ્સ રમવા અથવા રમતી વખતે પૈસાનો ઉપયોગ થાય છે. આમાં પહેલા લોકો કાર્ડ અથવા વોલેટ દ્વારા પૈસા લગાવે છે. જો તે જીતી જાય છે, તો એકાઉન્ટમાં કેશ ટ્રાન્સફર કરવાનો દાવો કરે છે. પોકર, રમી, ફેન્ટસી ક્રિકેટ અને લૂડો જેવી ગેમ્સ છે (જેને સરકાર બંધ કરશે). યુવાનો પર તેની સકારાત્મક અસરોમાં સમસ્યા નિરાકરણ, વિવેચનાત્મક વિચારસરણી અને નિર્ણય લેવા જેવી જ્ઞાનાત્મક કુશળતાને વધારે છે. પણ નકારાત્મક અસરોમાં તે વ્યસન, ગેમ-એડિક્ટ છે. તેથી શૈક્ષણિક કાર્ય, શારીરિક પ્રવૃત્તિ અને સામાજિકરણ જેવી આવશ્યક પ્રવૃત્તિઓની અવગણના થાય છે.

અભ્યાસ દર્શાવે છે કે હિંસક રમતોના સંપર્કમાં આવવાથી આક્રમક વર્તન વધી શકે છે, જે સમાચારપત્રોમાં યુવાનોની શાળા કે જાહેર જગ્યા પર થતી હિંસક ઘટનાઓથી સમજાય છે. યુવાનો હિંસા પ્રત્યે અસંવેદનશીલ બને, તેમના માનસિક સ્વાસ્થ્યને અસર કરે જેમાં ચિંતા, હતાશા જેવી સમસ્યાઓ થાય, સામાજિક જીવનમા એકલતા તરફ જાય તો સામાજિક અને ભાવાત્મક વિકાસ અટકાવે છે. ફરજિયાત ગેમર્સ સાયબર ધમકી, ઓનલાઈન ઉત્પીડન અને ગેમિંગ સંબંધિત સોશિયલ મીડિયા પ્લેટફોર્મનું વ્યસન થાય અને માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ વધે છે.




સદીઓથી ભારતમાં જુગારની રમત લોકપ્રિય છે. આજે જુગારનું સ્વરૂપ બદલાયું છે અને તે ઓનલાઈન થયું છે. ભારતમાં ઓનલાઈન ગેમિંગની શરૂઆત વર્ષ 2010ના સમયમાં થઈ હતી. સ્માર્ટ ફોનની શરૂઆત તેમજ ઈન્ટરનેટનો વ્યાપ વધતો ગયો તેવા સમયમાં રમી, પોકર અને ક્વિઝ જેવી ઓનલાઈન ગેમ વેબસાઈટ ઉપર રમાતી હતી. કોઈ સ્પષ્ટ નિયમોના અભાવે ગેમ ઓફ સ્કિલ અને ગેમ ઓફ ચાન્સના નામે રિયલ મની ગેમ્સને સતત પ્રોત્સાહન મળતું ગયું. ઈ.સ. 2020 સુધીમાં સસ્તું ઈન્ટરનેટ અને સ્માર્ટ ફોનના આ સમયમાં ઓનલાઈન ગેમિંગ લોકો સુધી વધુમાં વધુ પહોંચ્યું. ડ્રીમ-11, રમી સર્કલ અને અડ્ડા-52 જેવા પ્લેટફોર્મ વધુ ઉપયોગી બન્યા. સ્કીલ આધારિત ગણાતી રિયલ મની ગેમ હવે સ્માર્ટ ફોનમાં પ્રિ-ઈનસ્ટોલ આવવા લાગી .કાયદાના અભાવે આર.એમ.જીનો ચસ્કો લોકોને લાગ્યો. ખાસ કરીને કોરોનાના સમયગાળામાં મહત્તમ લોકોને મોબાઈલ ફોન ઉપર આરએમજીનું વળગણ થઈ ગયું અને તે ઓનલાઈન ગેમ તરીકે ઓળખાઈ.

ભારતના ગેમ અને ક્રિકેટ સટ્ટાબજારમાં સક્રિય 66 ટકા લોકો નોન-મેટ્રો સિટીના રહીશો છે, જ્યારે 43 ટકા લોકો 18 થી 30 વર્ષ વયજૂથના, જે પ્રથમ વખત સટ્ટો કે ગેમમાં ભાગ લઈ નસીબ અજમાવનાર હતાં. વૈશ્વિક કક્ષાએ કરોડો લોકો એક દિવસના 8 થી 10 કલાક ઓનલાઈન ગેમ રમવામાં વેડફીને ગેમ-એડિક્ટની વ્યાખ્યામાં સમાવિષ્ટ છે. ગુજરાત અને ભારતમાં ગેમ-એડિક્ટ હોવાના લક્ષણો ધરાવનારાંઓ 15 ટકા જેટલા છે અને તેમાં 6 ટકા જેટલાં તો કોલેજ સ્ટુડન્ટ્સ છે. ઓનલાઈન ગેમિંગના નામે ગેરકાયદે બેટિંગ સાઈટ્સ ચાલવા લાગી. વર્ષ 2022માં 1400થી વધુ વેબસાઈટ બ્લોક કરવામાં આવી હતી. કેપીએમજીના એક રિસર્ચ મુજબ દેશમાં રમાતા જુગારમાં હારજીતનું વાર્ષિક કદ 2.50 લાખ કરોડ છે (KPMG,2022). ઈન્ટરનેટ અને મોબાઈલ એપ્સના કારણે આ દુનિયા બદલાઈ છે અને તે દેશના દરેક ખૂણે પહોંચી છે.

**ઓનલાઈન ગેમિંગના પરિણામે યુવાનો નાણાં ગુમાવે છે, આપઘાત કરે છે તથા ગુનાહિત પ્રવૃત્તિ તરફ વળે છે. તેમજ ગેમ્બલિંગ પ્લેટફોર્મ ઉભા કરી નાણાં રળી, દેશ વિરોધી કૃત્ય થતા હોય, મની લોન્ડરિંગ થયું હોવાની ઘટના પણ જોવા મળે છે. ઈન્ડિયા બ્રાન્ડ ઈક્વિટી ફાઉન્ડેશનના રિપોર્ટ મુજબ 60 કરોડ લોકો ઓનલાઈન મની ગેમ્સની જાળમાં ફસાયેલા છે. વર્ષે 20,000 કરોડ રૂપિયા ગુમાવે છે. 2020માં ઓનલાઈન ગેમર્સની સંખ્યા 36 કરોડ હતી, જે 2024માં 50 કરોડ થઈ ગઈ. દર વર્ષે 1120 કરોડ ઓનલાઈન ગેમ ડાઉનલોડ થાય છે. દેશમાં 1900 ગેમિંગ કંપની છે (IBEF, 2023).**

મે, 2025માં ઈલાહાબાદ હાઈકોર્ટે કહ્યું કે પૈસા કમાવાના ચક્કરમાં કિશોર અને યુવાનો ઓનલાઈન ગેમિંગની ચપેટમાં આવી નિમ્ન અને મધ્યમ વર્ગના યુવાનો વધુ નાણાકીય નુકસાન ઉઠાવી રહ્યા છે, તેથી કાયદો બનાવવાની જરૂર છે. આ અંગે સરકારે વિચાર્યું અને પ્રતિબંધિત કાનૂન નિર્માણ અંગે પગલાં લેવાયાં. જેમાં "ઓનલાઈન ગેમિંગ પ્રોત્સાહન અને નિયમન બિલ 2025" રજૂ કરતા, કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે વિધેયકનો ઉદ્દેશ્ય મોબાઈલ એપ્સ દ્વારા વધતી જતી ઓનલાઈન ગેમિંગની લત, મની લોન્ડ્રિંગ અને છેતરપિંડીની ઘટનાઓ પર અંકુશ લગાવવાનો છે. ઓનલાઈન મની ગેમિંગ રમવા પર 3 વર્ષની જેલ અને / અથવા 1 કરોડ રૂપિયા સુધીનો દંડ. ગેમ્સની જાહેરાત કરવા પર 2 વર્ષ સુધીની જેલ અને / અથવા 50 લાખ રૂપિયા સુધી દંડ. મની ગેમ્સ સંબંધિત નાણાકીય લેનદેનની સુવિધા આપવા પર 3 વર્ષ સુધી જેલ અને / અથવા 1 કરોડ રૂપિયા સુધી દંડ. આ વિધેયકમાં સ્કીલ ગેમ અને ગેમ ઓફ ચાન્સમાં કોઈ અંતર રાખવામાં આવ્યું નથી, જેથી તેનો ફાયદો કોઈ ન ઉઠાવી શકે. આ નવા નિયમ મુજબ, ભારતમાં પૈસાથી રમાતી ઓનલાઈન ગેમ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

ભારત સરકારે ઈ-સ્પોર્ટ્સને પ્રાધાન્ય આપવા માટે કામગીરી શરૂ કરી છે. આ સ્થિતિમાં ભારતીય પ્લેયર્સ મનીબેઈઝ્ડ ગેમિંગ છોડે છે કે વિદેશી ગેરકાયદે ગેમિંગ પ્લેટફોર્મ ઉપર સક્રિય રહેશે તે સૌથી મોટો સવાલ છે. કાયદાનો કડક, પારદર્શી અમલ તેની સફળતા નક્કી કરશે. કાયદો બનતા 400 કંપનીઓ બંધ થઈ જશે અને 2 લાખ લોકો નોકરી ગુમાવે તેવી શક્યતા છે. પણ, ભારતમાં ક્રિકેટ પૂજાય છે. સરકારે ક્રિકેટની ફેન્ટસી ગેમ ઉપર પ્રતિબંધ નથી મુક્યો. તેને પ્રોત્સાહનની નીતિના કારણે ક્રિકેટનો સટ્ટો તો નિરંકુશ જ રહેશે. ભારત યુવાઓનો દેશ છે. યુવા શક્તિને પૈસાના બદલે મેન્ટલ સ્કીલ પ્રદર્શિત કરવા તરફ વાળવાની નેમ સાથે સરકાર નવો કાયદો લાવી છે.



# ગૂજરાત વિદ્યાપીઠના પ્રથમ આચાર્ય : અસૂદમલ ટેકચંદ ગિદવાણી

ડૉ.મહેશ જાદવ

અસૂદમલ ટેકચંદ ગિદવાણીના જન્મની ચોક્કસ તારીખ મળતી નથી પણ જન્મવર્ષ મળે છે. તે મુજબ તેમનો જન્મ સિંધમાં ઈ.સ.1890માં થયો હતો. તેમનું બાળપણ સિંધમાં પસાર થયું. સિંધ કોલેજમાં અભ્યાસ કરીને તેઓ ઈ.સ.1911માં એમ.એ. થયા હતા. તેમની વિદ્વાતાને કારણે આ જ વર્ષે તેઓ સિંધ કોલેજમાં ફેલો તરીકે નિમાયા હતા. ઈ.સ.1912માં વધુ અભ્યાસ માટે તેઓ ઈંગ્લેન્ડ ગયા. ઈંગ્લેન્ડની ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં ત્રણ વરસ ભણીને તેઓ ઈ.સ.1915માં ભારત પાછા ફર્યા.

ઈ.સ.1917માં આર્થિક ઉપાર્જન અર્થે તેઓ ઈન્ડિયન એજ્યુકેશનલ સર્વિસમાં જોડાયા. ત્યારબાદ અલાહાબાદ ખાતે મ્યૂર કોલેજમાં રાજ્યશાસ્ત્રના અધ્યાપક તરીકે જોડાયા. ગિદવાણીની કામ કરવાની કુનેહ અને ક્ષમતાને જોઈ ઈ.સ.1918માં બિકાનેરના મહારાજાએ પોતાના ખાનગી સચિવ તરીકે બોલાવ્યા હતા. તેથી તેઓ તેમની સેવાઓમાં જોડાયા. આ જ વરસમાં સચિવ તરીકેની કામગીરીમાંથી મુક્ત થઈને દિલ્હી ખાતે રામજસ કોલેજમાં તે સમયના 200/-રૂ.ની મોટા પગારવાળી નોકરીમાં 'આચાર્ય' તરીકે નિમણૂક પામ્યા. આવા મોટા પગારવાળી નોકરી છોડીને તેઓ ઈ.સ.1920માં મહાત્મા ગાંધીજીએ દેશને આઝાદી માટેની અસહકારની ચળવળ શરૂ કરી હતી તેમાં તેઓ જોડાય છે. એ સમયે દિલ્હીના પ્રો. રુદ્રએ તેમની મુલાકાત ગાંધીજી સાથે કરાવી હતી. ગાંધીજી કરેલા શાળા-કૉલેજોના બહિષ્કારના આહ્વાનથી પ્રેરાઈને તેમણે પોતાની જાત ગાંધીજીને ચરણે ધરી દીધી હતી. ત્યારે ગિદવાણીજીએ ગાંધીજીને કહ્યું હતું કે, 'આપ જ્યારે પણ મને કોલ કરશો ત્યારે હું હાજર થઈ જઈશ.'

ગાંધીજીએ 1920માં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. ત્યારે મહાવિદ્યાલયનું સુકાન કોને સોંપવું ? એ મુંઝવણ સરદાર પટેલને જ્યારે ગાંધીજીએ જણાવી કે, 'ગિદવાણીને ગૂજરાત વિદ્યાપીઠનું સુકાન સોંપવામાં આવે.' સરદાર પટેલના આ સૂચનને ગ્રાહ્ય રાખી ગાંધીજીએ પોતે જ ગિદવાણીજીને ગુજરાત ખાતે તેમની સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં બોલાવી દીધા.

તા. 15-11-1920ના રોજ ગાંધીજીની હાજરીમાં ગૂજરાત મહાવિદ્યાલયના શુભારંભનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો તેમાં ગિદવાણી હાજર થયા. ગાંધીજીએ તેમને તા.15-11-1920 થી તા.15-11-1922 સુધી ગૂજરાત મહાવિદ્યાલયના પહેલા આચાર્ય તરીકે સુકાન સોંપ્યું. જે ગિદવાણીજીએ સપ્રેમ સ્વીકારી લીધું હતું. આ સમારંભમાં ગાંધીજીએ 'વિદ્યાર્થીઓને દેશની સાચી પરિસ્થિતિથી વાકેફ કરી શકે એવી એક અભણ વ્યક્તિ પણ આચાર્ય બનવાને લાયક ગણાય. પરંતુ વિદ્યાર્થીઓ આવી વ્યક્તિને આચાર્ય પદે સ્થાપવા તૈયાર ન હોય તેથી ઓક્સફર્ડમાં ઉચ્ચશિક્ષણ પામેલા ગિદવાણીની આચાર્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે. પદવીથી નહી બલ્કે તેમના ચારિત્ર્યથી મોહિત થયો છું.' કહ્યું હતું.

ત્યારબાદ તા.28-11-1920 થી તા.27-01-1924 સુધી ગાંધીજીએ તેમને ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક તરીકેનું સુકાન સોંપી દીધું. તદ્ઉપરાંત તેઓ ઈ.સ.1920 થી ઈ.સ.1926 સુધી ગૂજરાત મહાવિદ્યાલયના અંગ્રેજી તથા રાજ્યશાસ્ત્રના અધ્યાપક પણ રહ્યા. તેઓએ આચાર્ય પદ સંભાળ્યું તેના છ મહિના બાદ જ તેમણે ગૂજરાત વિદ્યાપીઠના ગૂજરાત મહાવિદ્યાલયમાં 'ઈતિહાસ અને અર્થશાસ્ત્ર મંદિર'ની સ્થાપના કરી હતી. દેશની આઝાદી માટે ગાંધીજીએ શરૂ કરેલા 'અસહકાર આંદોલન'માં ગાંધીજીની હાકલે તેઓ ગુજરાત અને ગુજરાત બહાર ગામેગામ રાષ્ટ્રીય કેળવણી અને દેશની આઝાદી માટે અંતર્ગત જાહેર ભાષણોરૂપે દેશના યુવાનોમાં કર્તવ્યનિષ્ઠા અને રાષ્ટ્રભાવના જગાવતા રહ્યા હતા. ગિદવાણીજીનું અંગ્રેજી ભાષા પરનું પ્રભુત્ત્વ, ઉત્તમ વકતૃત્વછટા, આંતરરાષ્ટ્રીય ઘટનાઓની સાચી સમજ ને તેની ઉત્તમ રજૂઆત કરવાની કળા, ગાંધીવિચારમાં અપાર શ્રદ્ધા-એ તેમના વ્યક્તિત્વના સબળ ગુણો હતા. આચાર્ય ગિદવાણીજીના વ્યક્તિત્વ વિશે એમના સમયના વિદ્યાર્થી ઝીણાભાઈ રતનજી દેસાઈ 'સ્નેહરશ્મિ' નોંધે છે કે, 'અખૂટ ચેતના ને પ્રેરણાના એવા એક ભાવસભર સ્રોત હતા આચાર્ય ગિદવાણી..... પ્રાચીન રોમની સેનેટનો કોઈ પ્રતિભાવાન સેનેટર આપણે ત્યાં ઊતરી આવ્યો હોય એવી શ્વેત ખાદીના ઝભ્ભા ઉપર જનોઈઢબે શાલ-વેષ્ટિત એક ભવ્ય

> **ગિદવાણીજીનું અંગ્રેજી ભાષા પરનું પ્રભુત્ત્વ, ઉત્તમ વકતૃત્વછટા, આંતરરાષ્ટ્રીય ઘટનાઓની સાચી સમજ ને તેની ઉત્તમ રજૂઆત કરવાની કળા, ગાંધીવિચારમાં અપાર શ્રદ્ધા-એ તેમના વ્યક્તિત્વના સબળ ગુણો હતા.**

આકૃતિ અડધી સદીના કાળના પડદાને હટાવી દૃષ્ટિગોચર થાય છે...ગિદવાણીજીની વાણીનું વશીકરણ કેવું ભારે હતું એ શબ્દોથી ભાગ્યે જ દાખવી શકાશે...એમના શબ્દે જાતને ભૂલી જેમ દોરે તેમ જાણે કે અમે દોરવાયે જતા હતા.'

ઈ.સ.1921માં એ વરસે તે સમયે સમગ્ર દેશમાં ચાલેલા 'અસહકાર આંદોલન'માં અંગ્રેજી શાળાઓ-કોલેજો છોડીને જોડાયેલા વિદ્યાર્થીઓની પોતપોતાના વિષયોમાં તેમની જે તે શાળા-કોલેજોના અભ્યાસક્રમ પ્રમાણે પરીક્ષાઓ લેવાનું ગૂજરાત વિદ્યાપીઠે ઠરાવ્યું હતું. તેથી આ પરીક્ષાઓ લેવાની ગૂજરાત વિદ્યાપીઠમાં સગવડ કરી હતી. તે પ્રમાણે મદ્રાસમાં કોઈ મહાવિદ્યાલય ન સ્થપાતાં તે વિદ્યાર્થીઓની પરીક્ષા અને પદવીના પ્રમાણપત્રો આપ્યાં હતાં. એ પ્રમાણે આખા ભારતમાંથી કુલ 1037 વિદ્યાર્થીઓને અભ્યાસ પૂર્ણ કરાવી પદવી-પ્રમાણપત્રો આપવાના ગિદવાણીજીએ નમૂનેદાર પ્રયાસો કર્યા હતા. તા.1-2-1921ના રોજ મુંબઈમાં રાષ્ટ્રીય મહાવિદ્યાલયની સ્થાપના ગિદવાણીજીના હસ્તે કરવામાં આવી હતી.

ગિદવાણીજી ઈ.સ.1922માં 'સિંધ પ્રાંતિક પરિષદ'ના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. તેમણે સિંધીભાષામાં 'સત્ય' નામનું સામયિક ચલાવ્યું હતું. આ ઉપરાંત ઈ.સ.1923માં 'ટુમોરો' નામનું અંગ્રેજી માસિક પણ ચલાવ્યું હતું. તા.11-12-1923ના રોજ ગિદવાણીજીના અધ્યક્ષ પદે ગૂજરાત વિદ્યાપીઠમાં સ્નેહસંમેલન યોજાયું હતું.

ઈ.સ.1923માં ગિદવાણીજીને 'નાભાસ્ટેટ'ના કારભારીએ અઢી વર્ષની જેલની સજા કરી હતી. પાછળથી 'નાભાસ્ટેટ'ની સરહદમાં ન ઘૂસવાની શરતે મુક્ત કર્યા હતા પણ, ઈ.સ.1924માં અકાલીઓનો શહીદી જથ્થો 'જૈતો' જવાનો હતો, તેમાં તેઓ પ્રેક્ષક તરીકે ગયા. તેમને 'નાભાસ્ટેટ'ની સરહદમાં ન ઘૂસવાની શરત હતી છતાં તેઓ નાભાસ્ટેટમાં દાખલ થયા. તેથી તેમની પર થયેલી જૂની સજા લાગુ કરી દેવામાં આવી હતી ને ગિદવાણીજીને જેલમાં લઈ જવામાં આવ્યા. તેમણે ઈ.સ.1926 સુધી બે વર્ષ જેલવાસ ભોગવ્યો.

તા . 6 - 1 2 - 1 9 2 5 માં ગિદવાણીજીના અધ્યક્ષ પદે મળેલી સભામાં 'વિદ્યાપીઠ સ્નાતક સંઘ'ની સ્થાપના થઈ હતી. વિદ્યાપીઠમાં તા.12-12-1926ના રોજ થયેલ સ્નાતક સંમેલન ગિદવાણીજીના અધ્યક્ષપદે યોજવામાં આવ્યું હતું.

ઈ.સ.1922માં 'સિંધ પ્રાંતિક પરિષદ'ના પ્રમુખ તરીકે ગિદવાણીજી ચૂંટાઈ આવતાં અને ત્યારબાદ અકાલી ચળવળ સંદર્ભે તેમને જેલની સજા થતાં તેમનો ગૂજરાત વિદ્યાપીઠ સાથે સંપર્ક ઘટવા લાગ્યો ને છેવટે ઈ.સ.1926માં તેમણે ગુજરાત છોડ્યું. આ સજાને લીધે તેઓ ગૂજરાત વિદ્યાપીઠના આચાર્ય અને કુલનાયકના પદેથી મુક્ત થયા હતા પણ અધ્યાપક તરીકે ચાલુ રહ્યા હતા. ગૂજરાત વિદ્યાપીઠમાં આટલા ટૂંકા જ સમયમાં તેમણે ગુજરાતીઓના દિલ જીતી લીધા હતા.

ઈ.સ.1926માં ગાંધીજીની સલાહ અને સૂચનાથી ગિદવાણીજી 'વૃંદાવન' ખાતે 'પ્રેમ મહાવિદ્યાલય'ના આચાર્ય તરીકે રહે છે. અહીં બે વર્ષ સેવાઓ આપીને તેઓ ઈ.સ.1928માં હાલના પાકિસ્તાનના કરાંચી નગરપાલિકામાં વહીવટીય અધિકારી તરીકે જોડાય છે. આમ તે અનેક જગ્યાઓ પર સેવાઓ આપતા રહીને સ્વાતંત્ર્ય પ્રવૃત્તિઓમાં પણ સક્રિય ભાગ ભજવતા રહ્યા હતા.

ગિદવાણીજી સુંદર કપડાં પહેરવાના, રસોઈકળાના નિષ્ણાત ને ખાવાના શોખીન હતા. ખાદીનું સુરવાલ પહેરતા હતા. તેમનો પોશાક જોઈને તે વખતના વિદ્યાર્થીઓ પણ તેમનું અનુકરણ કરતા ખાદીનું સુરવાલ પહેરતા હતા. વિદ્વાન ને ભારે પુસ્તકપ્રેમી ગિદવાણીજી મહાવિદ્યાલયની પ્રાર્થના બાદ હરરોજ પ્રવચન આપી વિદ્યાર્થીઓને દેશવિદેશની સ્થિતિથી વાકેફ કરતા રહેતા હતા. તેઓ શક્તિશાળી લેખક અને પ્રભાવક વક્તા હતા. ગિદવાણીજી અ મ દા વા દ - વ ડો દ રા - સુ ર ત - મુંબઈ વગેરે સ્થળો ઉપરાંત ગુજરાતના ગામેગામ જઈને વિદ્યાર્થીઓને સુંદર વિદ્વતાભરી વાણીમાં ભાષણ આપતા. તેઓ વિદ્યાર્થીઓને અંગ્રેજી શાળા કોલેજોનો ત્યાગ કરી અસહકારના આંદોલનમાં જોડાવા તથા સ્વદેશી વસ્તુઓ અપનાવવા ઉપરાંત રાષ્ટ્રીય શાળાઓમાં શિક્ષણ લેવાનું સમજાવતા હતા. ગિદવાણીજી કહેતા કે, 'માથે હેટ અને જીભ પર અંગ્રેજી એ ગુલામીની નિશાની! માથા પરથી ગુલામીના વાઘા ઉતારો અને અંતરમાં ભરાયેલ અંગ્રેજને કાઢશો તો જ આઝાદી મળશે.'

ગિદવાણીજી ઓક્સફર્ડ ગ્રેજ્યુએટ હતા છતાં ગાંધીરંગે રંગાઈને સાદગીભર્યું રહેતા હતા. વિદ્યાર્થીઓ પ્રત્યે ખૂબ જ સ્નેહ અને મમતા દાખવતા હતા. તેઓ વિદ્યાર્થીઓને અનહદ ચાહતા હતા. તેથી વિદ્યાર્થીપ્રિય બની રહ્યા હતા. તેઓ રાષ્ટ્રીય કેળવણીના પ્રચાર અર્થે ભાષણ કરવા જાય ત્યારે સાથે વિદ્યાર્થીઓને પણ લઈ જતા હતા. મુસાફરીમાં પોતાનો બિસ્ત્રો સાથે રાખતા અને ત્રીજા વર્ગની ટિકિટમાં ટ્રેનમાં સીટ વચ્ચેની જગ્યામાં પથારી કરી સુઈ જતા હતા. તેમના સુંદર સ્વભાવ ભર્યા વ્યક્તિત્વને કારણે તે વખતે અધ્યાપકો અને વિદ્યાર્થીઓ વચ્ચે સંસ્થાના સંબંધ કરતાં વધારે પારિવારિક સંબંધ હતો. તે સમયે ભુલાભાઈ પટેલના બંગલો ગૂજરાત વિદ્યાપીઠ હતી. તેમાં મહાવિદ્યાલય હતું તેથી બંગલાના ઓરડાઓમાં વિદ્યાર્થીઓ સંખ્યા પ્રમાણે વર્ગમાં વિષયવાર બેસી જતા હતા. દર રવિવારે આખા અમદાવાદમાં વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ પ્રભાતફેરી કાઢતા હતા. તેમાં આચાર્ય ગિદવાણીજી, કૃપાલાનીજી અને અધ્યાપકો પણ જોડાતા હતા.

તેમનામાં જ્ઞાનોપાસના અને કર્મોપાસનાનો સુભગ સમન્વય થયો હતો. ગૂજરાત વિદ્યાપીઠ એમની જ્ઞાનોપાસનાની પ્રતીક હતી તો કોચરબ આશ્રમની નજીક એમણે સ્થાપેલ 'સ્વરાજ આશ્રમ' એમની કર્મોપાસનનું પ્રતીક હતો. વિદ્યાર્થીઓ સાથે ગાંધીજીના 'સૂતરના તાંતણે સ્વરાજ' વિચારનો પ્રચારપ્રસાર કરવા માટે તેમણે ડાહ્યાભાઈ ઈજતરામના બંગલામાં 'સ્વરાજ આશ્રમ'ની સ્થાપના કરી હતી. તેમાં વિદ્યાર્થીઓ ગાંધીપ્રેરિત વિવિધ પ્રવૃત્તિઓ કરતા રહેતા હતા.

તે વખતના તેમના વિદ્યાર્થી શ્રી કપિલપ્રસાદ મ. દવે નોંધે છે કે, "આચાર્ય ગિદવાણીજીએ નદીની રેતમાં એક જંગી સભાને જે પ્રકારે સંબોધી હતી, એ દૃશ્ય તો આજે પણ નજર સમક્ષ તરવરે છે. અંગ્રેજીભાષા પરનું પ્રભુત્વ અને બોલવાની તેમની છટાએ સારાય શહેરીઓના દિલ જીતી લીધાં હતાં." તેમના એક બીજા વિદ્યાર્થી અમૃતલાલ પંડ્યા પણ નોંધે છે કે, "આચાર્ય ગિદવાણીજી અધ્યાપક તરીકે રાજબંધારણ, ઇતિહાસ અને અંગ્રેજી ભણાવતા હતા. તેઓ વિદ્યાર્થીઓના શરીર અને આરોગ્યનું બંધારણ કરવા 'Breath in' અને 'Breath out' કરાવતા હતા. તેમને વિદ્યાર્થીઓના આરોગ્યની ખૂબ ચિંતા રહેતી હતી તેથી રોજ કસરત શીખવતા અને કસરત કરાવતા હતા."

ગિદવાણીજી સાચા ને સારા અધ્યાપક હતા. વર્ગમાં તેઓ વિદ્યાર્થીઓની પાટલી સામે મોટા બાજઠ ઉપર ડાબો પગ વાળી જમણો પગ ઊભો રાખી જમણો હાથ જમણા ગાલે ટેકવીને બેસતા ને આંખો મીંચીને વ્યાખ્યાન આપતા હતા. તેમનો વ્યાખ્યાન પ્રવાહ સરળતાથી ઘણીવાર તો એક સાથે ત્રણ વર્ગ સુધી સળંગ ચાલતો હતો. તેઓ સીધી શૈલીમાં સમજાવતા ને ગ્રંથાલયમાં પણ લઈ જતા હતા. સારાંસારાં પુસ્તકો બહાર કાઢીને વિદ્યાર્થીઓને વાંચવા આપતા ને જરૂરી સૂચન સાથે જ્ઞાન પીરસતા હતા. તો ખાદી વેચવા ફેરીઓ કરવા પણ જતા હતા. લોકો તેમની પાસેથી ખાદી ખરીદવા પડાપડી કરતા ને ખાદી ખરીદવાનો આનંદ લેતા હતા.

તે વખતે વિદ્યાર્થીઓએ 'કોકો ક્લબ' બનાવી હતી તેમાં ગિદવાણીજી, કૃપાલાનીજી પણ જતા હતા. તે સમયે ગિદવાણીજી ગુજરાત કોલેજ પાસેના શેઠ વાડીલાલ લલ્લુભાઈના મકાનમાં રહેતા હતા. વિદ્યાર્થીઓ તેમના ઘરે જતા હતા. ગિદવાણીજીનાં પત્ની ગંગાબહેન વિદ્યાર્થીઓને હોંશેહોંશે આનંદથી જમાડતા ને પોતાના જ બાળકોની જેમ રાખતા હતા. તેમણે સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓની 'ટુમોરો ક્લબ' બનાવી હતી. આ ક્લબ દર અઠવાડિયે ગમે તે એક સભ્યને ત્યાં મળતી. તેમાં સભ્ય પોતાની ખાસ વાનગીથી સૌનું સ્વાગત કરે. બાદમાં ગિદવાણીજી અવનવી વાતો કરતા હતા. કોઈવાર તો નવરંગપુરા, વાડજ, નારણપુરા વગેરે ગામોમાં લઈ જતા. ત્યાં ગામના મુખી કે પટેલને તેઓ મળે, સંપર્ક કરે, તેથી લોકોનાં ટોળાં ભેગાં થાય એટલે સૌનો લોકસંપર્ક કરતા ને રાષ્ટ્રપ્રેમ, સ્વરાજ્ય વિશે વાતો કરતા હતા. ગિદવાણીજીએ શરૂ કરેલા 'ટુમોરો' નામના માસિકમાં તે વખતના અધ્યાપકો જ્ઞાનસભર લેખો લખતા. તે સમયે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર ગુજરાત અમદાવાદ આવ્યા હતા. ત્યારે ગિદવાણીજીએ તેમને 'ટુમોરો' માસિક આપતાં મહાવિદ્યાલયની પ્રાર્થના સભામાં આવવા આમંત્રણ આપ્યું હતું. તેને રવીન્દ્રનાથ ટાગોરે સ્વીકાર્યું હતું. બીજે દિવસે ટાગોર પ્રાર્થના સમયે આવ્યા પણ પ્રાર્થનામાં બેઠા નહીં, મોટરમાંથી ઉતરીને પ્રાર્થનાહોલ પાસે આવીને 'મારું અહીં આવવું એ જ તમારે માટે સંદેશો છે.' એટલું બોલીને પાછા મોટરમાં બેસીને ચાલ્યા ગયા હતા.

આચાર્ય ગિદવાણીજી ગૂજરાત વિદ્યાપીઠની વિદ્યાકીય પ્રવૃત્તિઓ ઉપરાંત ગુજરાત પ્રાંતિક સમિતિના માધ્યમથી વિભિન્ન રાજકીય-રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં સક્રિય રહેતા હતા. તેથી તેઓ વિવિધ અનેક રાજકીય અગ્રણીઓ સાથે નજીકના સંબંધે બંધાયેલા રહેતા હતા. તેમની કાર્યકુશળતા, કર્તવ્યનિષ્ઠા તથા આત્મીયભાવથી ગૂજરાત વિદ્યાપીઠને રંગીન પાયા પર લાવી દીધી હતી. ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક, આચાર્ય અને અંગ્રેજી વિષયના અધ્યાપકની કુશળ સેવાઓને કારણે તેઓ આજીવન આચાર્યનું પદ પામ્યા હતા.

તા. 15-1-1928ના રોજ ગિદવાણીજીના તૈલચિત્રનો ગાંધીજીના હસ્તે અનાવરણવિધિ યોજવામાં આવ્યો હતો. ત્યારે ગિદલાણીજીના સમયમાં વિદ્યાપીઠમાં થયેલ કાર્યોને ધ્યાનમાં લઈને, તેમના આવા સ્વાશ્રયી ચારિત્ર્યથી પ્રભાવિત થઈને ગાંધીજીએ ગિદવાણીને બિરદાવતાં "આચાર્ય ગિદવાણીને લાવનાર હું...આચાર્ય ગિદવાણીની કારકિર્દીમાં વિદ્યાપીઠે વિદ્યાર્થીઓને આકર્ષ્યા...વિદ્યાપીઠની જમીન લેવાઈ...મકાન બંધાયા...આચાર્ય ગિદવાણી ન હોત તો કદાચ વિદ્યાપીઠ ન હોત..." લખ્યું હતું. ગાંધીજીના આ શબ્દો જ ગિદવાણીજી માટે અતિશ્રેષ્ઠ પ્રમાણપત્ર છે. ગાંધીજીએ તેમને 'સાચા હરિજન સેવક' કહીને બિરદાવ્યા હતા.

આચાર્ય ને હરિજન સેવક એવા ગિદવાણીજી આવી ઉજ્જવળ કારકીર્દીમાં ભર યુવાનવયે ફક્ત 45 વર્ષનું આયુષ્ય ભોગવી હૃદયરોગના હુમલાથી તા.13-01-1935ના રોજ અવસાન પામ્યા. તેમને ગુમાવ્યાથી ન પૂરી શકાય એવી ખોટ પડી ગઈ. તે સમયે ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતકો અને શુભેચ્છકોએ 'આચાર્ય ગિદવાણી સ્મારક' રૂપે ફાળો એકત્ર કર્યો હતો. ગાંધીજીની સૂચનાથી એ ફાળો ગિદવાણીજીને પ્રિય એવા હરિજનોની સેવાના કાર્યમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**સંદર્ભગ્રંથો :**


1. 'ગાંધી, ગિદવાણી અને ગૂજરાત વિદ્યાપીઠ', બિંદુવાસિની જોષી, પ્રકાશક-ગૂજરાત વિદ્યાપીઠ, પ્ર.આ.એપ્રિલ-2021, ISBN : 978-93-85091

2. નઈ તાલીમ દ્વારા સમાજ પરિવર્તન, ગુજરાતની નઈ તાલીમની સંસ્થાઓની પરિચયમાળા, મણકો-20, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, મગનભાઈ. જો.પટેલ, પ્ર.આવૃત્તિ-2001, પ્રકાશક-જેસંગભાઈ ડાભી, મંત્રી, ગુજરાત નઈ તાલીમ સંઘ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-14.

3. કેળવણી વડે ક્રાંતિ, સંપાદક-વિઠ્ઠલદાસ કોઠારી, પ્ર.આવૃત્તિ-1950,પ્રકાશક-મગનભાઈ પ્રભુભાઈ દેસાઈ, મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-9, કિં.ત્રણ રૂપિયા.

4.' સા ફ લ્ય ટા ણું ', ઝીણાભાઈ રતનજી દેસાઈ 'સ્નેહરશ્મિ', આવૃત્તિ-1983

5. કેળવણીકારનું પોત અને પ્રતિભા, સંપાદક-ગોપાળદાસ પટેલ અને મુકુલભાઈ કલાર્થી, પહેલી આવૃત્તિ-ઑક્ટોબર-1959, પ્રકાશક-શ્રી મગનભાઈ દેસાઈ સન્માન સમિતિ, નવજીવન કાર્યાલય, અમદાવાદ-14.

# પ્રવૃત્તિ • દર્પણ

શ્રી અદ્વૈતા દવે

## વિદ્યાર્થીઓની સિદ્ધિઓ અને પ્રવૃત્તિઓ

### સ્વચ્છતાનો સંકલ્પ, સમાજ માટે અર્પણ (01/10/2025)




'સ્વચ્છતા હી સેવા'ના ભાવને આત્મસાત્ કરીને ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા "એક ઘંટા સ્વચ્છતા કે નામ" અભિયાનનું આયોજન કરવામાં આવ્યું. શારીરિક શિક્ષણ વિદ્યાશાખા, સાદરા પરિસર, રાષ્ટ્રીય સેવા યોજના તથા ઉન્નત ભારત અભિયાનના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમ અંતર્ગત સાદરા ગામના જાહેર સ્થળોની સફાઈ કરવામાં આવી. વિદ્યાર્થીઓએ પરિશ્રમ, શિસ્ત અને સામૂહિક જવાબદારીનો સુંદર પરિચય આપ્યો. આ અભિયાન માત્ર પરિસરની સફાઈ પૂરતું સીમિત ન રહ્યો, પરંતુ સમાજમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ અને સેવાભાવના સંસ્કારને વધુ મજબૂત બનાવતો પ્રેરણાદાયી પ્રયત્ન બની રહ્યો.

### "સ્વચ્છતા હી સેવા" અભિયાન અંતર્ગત અંભેટી કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં ગાંધીવિચારની સાકાર અભિવ્યક્તિ (02/10/2025)



ગાંધીજયંતિના પાવન અવસરે અંભેટી સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં "સ્વચ્છતા હી સેવા" અભિયાન અંતર્ગત સ્વચ્છતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કેન્દ્રના વૈજ્ઞાનિકો, અધિકારીઓ તથા સેવકોની સક્રિય અને ઉત્સાહભરી ભાગીદારીથી કાર્યાલય પરિસર તથા આસપાસના વિસ્તારોની સુવ્યવસ્થિત સફાઈ કરવામાં આવી. આ અભિયાન દ્વારા મહાત્મા ગાંધીજીના સ્વચ્છતા, સ્વસ્થ પર્યાવરણ અને સામૂહિક જવાબદારીના આદર્શોને કાર્યરૂપે અમલમાં મૂકવાનો સંકલ્પ વ્યક્ત થયો. સ્વચ્છ ભારતના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં આ પહેલ સમાજમાં જાગૃતિ ફેલાવતી અને ગૂજરાત વિદ્યાપીઠની સેવાભાવના તથા સામાજિક પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરતી એક સશક્ત અભિવ્યક્તિ બની.

### શાંતિની પાઠશાળા: રાજ્યસ્તરે પ્રથમ સ્થાન (14/10/2025)




વડોદરામાં આયોજિત Solve 2025 – સોશિયલ ઓપર્ચ્યુનીટી લેબ ફોર વિઝન એન્ડ એક્ઝીક્યુશન નામની રાજ્યસ્તરીય સ્પર્ધામાં ગૂજરાત વિદ્યાપીઠના સમાજકાર્ય અને ગ્રામવિકાસ વિભાગની વિદ્યાર્થિનીઓએ નોંધપાત્ર અને ગૌરવસભર સિદ્ધિ પ્રાપ્ત કરી. ત્રીજા સેમેસ્ટરની વિદ્યાર્થિનીઓ મીરા, પ્રિયા અને પ્રાર્થીએ તેમના સંશોધન આધારિત પ્રોજેક્ટ "શાંતિની પાઠશાળા – બાળકોમાં વધતી ઉગ્રતા" રજૂ કરીને રાજ્યની 50 સંસ્થાઓમાંથી પસંદ થયેલી 15 શ્રેષ્ઠ ટીમોમાં પ્રથમ સ્થાન મેળવી ₹1,00,000નું ઇનામ પ્રાપ્ત કર્યું.

સ્પર્ધા દરમિયાન ટીમે બાળકોમાં વધતી ઉગ્રતા વિષયક વિશ્લેષણાત્મક પીપીટી રજૂ કરી તથા ઉગ્રતા ઘટાડવા માટે ₹14,63,200ના પાયલોટ પ્રોજેક્ટની રૂપરેખા રજૂ કરી, જેને જ્યુરી સભ્યો તેમજ એલેમ્બિક, ઝાયડસ, અરવિંદ, ટોરેન્ટ સહિતની પ્રતિષ્ઠિત સંસ્થાઓના CSR અધિકારીઓ તરફથી વિશેષ પ્રશંસા મળી હતી. આ પ્રોજેક્ટ દ્વારા શૈક્ષણિક સંશોધન અને સામાજિક હસ્તક્ષેપ વચ્ચેનો સંકલન વધુ દૃઢ બન્યો છે અને શાળા સમાજકાર્યના ક્ષેત્રે નવી દિશાઓ ખુલ્લી થઈ છે. વિદ્યાર્થિનીઓની આ ઉત્કૃષ્ટ સિદ્ધિ ગૂજરાત વિદ્યાપીઠ માટે ગૌરવ અને પ્રેરણાનું સ્ત્રોત બની છે.

### સેવા અને શૌર્યનો સંકલ્પ: ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થિની રાષ્ટ્રીય સિદ્ધિ (14/10/2025)



ગૂજરાત વિદ્યાપીઠના બીસીએ વિદ્યાર્થિનીની બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) માં પસંદગી થવી વિદ્યાપીઠ માટે ગૌરવની ક્ષણ બની. શિસ્ત, સાહસ અને સમર્પણથી ઘડાયેલી આ યાત્રા વર્ગખંડથી લઈને દેશની સીમાઓ સુધી પહોંચીને રાષ્ટ્રસેવાની પ્રેરણાદાયક કથા રચે છે. તેમની આ સિદ્ધિ યુવા પેઢીમાં દેશપ્રેમ અને કર્તવ્યભાવના માટે નવી ઉર્જા પ્રેરતી બની.

### પશ્ચિમ ઝોન આંતરવિશ્વવિદ્યાલય કબડ્ડી સ્પર્ધામાં ગૂજરાત વિદ્યાપીઠની ભાગીદારી (29/10/2025)



મહારાષ્ટ્રના લાતૂર ખાતે યોજાયેલી પશ્ચિમ ઝોન આંતરવિશ્વવિદ્યાલય કબડ્ડી સ્પર્ધામાં ગૂજરાત વિદ્યાપીઠની કબડ્ડી ટીમે ગૌરવપૂર્વક ભાગ લીધો. શારીરિક શક્તિ, ટીમભાવના અને રમતગમતની શિસ્તનું પ્રતિબિંબરૂપ આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ વિદ્યાપીઠની ખેલસંસ્કૃતિને રાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત રીતે રજૂ કરી.

### ગાંધીયન મૂલ્યોની વૈશ્વિક ઓળખ: ગૂગલ દ્વારા "ખાદીસૂત્ર"ની પ્રશંસા (29/10/2025)




ગૂજરાત વિદ્યાપીઠની અનોખી પહેલ "ખાદીસૂત્ર"ને ગૂગલ ખાતે વિશેષ પ્રશંસા પ્રાપ્ત થઈ. ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ દ્વારા હસ્તનિર્મિત આ ખાદીસૂત્રમાં ઓળખપત્રના દોરા રૂપે ખાદી, સ્વાવલંબન, સર્જનાત્મકતા અને ટકાઉ વિકાસના વિચારોનું સુમેળભર્યું સંયોજન રજૂ થયું, જેને કારણે પ્રતિનિધિઓનું વિશેષ ધ્યાન આકર્ષાયું. ગાંધીયન મૂલ્યો, સ્વદેશી વિચારધારા અને નવીન સર્જનશીલતાને વૈશ્વિક મંચ પર ઉજાગર કરતી આ સિદ્ધિ ગૂજરાત વિદ્યાપીઠ માટે ગૌરવસભર બની.

# ઉત્સવો અને તહેવારોની ઉજવણી

### ગૂજરાત વિદ્યાપીઠમાં ગાંધીદર્શનની જીવંત અનુભૂતિ (02/10/2025)

મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે ગૂજરાત વિદ્યાપીઠના પ્રાંગણમાં ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યના રાજ્યપાલ અને ગૂજરાત વિદ્યાપીઠના આદરણીય કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં ગાંધીજીના જીવનદર્શનમાં રહેલ સત્ય, અહિંસા, સ્વચ્છતા અને સ્વરાજના મૂલ્યોને સમર્પિત વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા તબીબી શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશ પટેલ, માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલ, ટ્રસ્ટીશ્રી તથા ભૂતપૂર્વ શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાજી તેમજ અન્ય માનનીય ટ્રસ્ટીશ્રીઓની ઉપસ્થિતિ દ્વારા કાર્યક્રમને વિશેષ ગૌરવ પ્રાપ્ત થયું હતું.

ઉજવણીના ભાગરૂપે પ્રાંગણમાં સામૂહિક સ્વચ્છતા અભિયાનનું આયોજન થયું, જેમાં વિદ્યાર્થીઓ અને સેવકોની સક્રિય ભાગીદારી દ્વારા ગાંધીજીના સ્વચ્છતા સંદેશને વ્યાવહારિક સ્વરૂપ આપવામાં આવ્યું. સાથે સાથે યોજાયેલા 'ખાદી ખરીદી' કાર્યક્રમ દ્વારા સ્વદેશી અને આત્મનિર્ભરતાના વિચારને પ્રોત્સાહન આપવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમ યુવાનો માટે પ્રેરણાનું સ્ત્રોત બન્યો..








ગૂજરાત વિદ્યાપીઠ
ગાંધીજયંતી


स्वदेशी

# સાદગી, સ્વાવલંબન અને સેવા ભાવનાનું પ્રતિબિંબ: ૭૧મો પદવીદાન સમારોહ (11/10/2025)

ગૂજરાત વિદ્યાપીઠના ઇતિહાસમાં એક અતિ ગૌરવપૂર્ણ અને સ્મરણીય દિવસ તરીકે ૭૧મા પદવીદાન સમારોહની ઉજવણી નોંધાઈ. આ અવસરે ભારતનાં માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજી, ગૂજરાત તથા મહારાષ્ટ્ર રાજ્યના રાજ્યપાલ અને ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજી તથા ગૂજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિ સમારોહ માટે એક ગૌરવપૂર્ણ અને સ્મરણીય ક્ષણ બની.






તેમની ઉપસ્થિતિથી સમગ્ર વિદ્યાપીઠ પરિસરમાં ગાંધીજીના સ્વાવલંબન, સાદગી અને રાષ્ટ્રસેવાના આદર્શોનો  નવીન સંચાર થયો. આ સમારોહ માત્ર પદવીદાનની વિધિ ન રહી, પરંતુ રાષ્ટ્રનિર્માણ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને ગૂજરાત વિદ્યાપીઠની શૈક્ષણિક તથા નૈતિક પરંપરાનું ઉજ્જવળ પ્રતિબિંબ બની રહ્યો.





## દીપોત્સવની ઉજાસમાં આદર અને આત્મિયતા (17/10/2025)



ગૂજરાત વિદ્યાપીઠમાં દીપાવલીના પાવન પ્રસંગે સૌહાર્દ અને સ્નેહસભર માહોલમાં સમારંભ યોજાયો. આ અવસરે નિવૃત્તિની કિનારે પહોંચેલા કર્મયોગીઓને સન્માનિત કરી તેમની સેવાયાત્રા અને વિદ્યાપીઠ પરિવાર માટેના અમૂલ્ય યોગદાનને કૃતજ્ઞતાપૂર્વક સ્મરવામાં આવ્યું. દીપોના પ્રકાશમાં આદર, સંસ્કાર અને એકાત્મતાનો ભાવ ઉજાગર થયો.

## ધનતેરસે આરોગ્ય અને સમૃદ્ધિની આરાધના (18/10/2025)



ગૂજરાત વિદ્યાપીઠના સરદાર પટેલ તાલીમ કેન્દ્ર, સાદરા ખાતે શ્રદ્ધા અને આસ્થાભર્યા માહોલમાં ધનતેરસની પૂજનવિધિ સંપન્ન થઈ. આરોગ્યના આરાધ્ય દેવ ભગવાન ધન્વંતરી અને સમૃદ્ધિના પ્રતીક મહાલક્ષ્મીની વિધિવત પૂજા દ્વારા સર્વના ઉત્તમ આરોગ્ય અને કલ્યાણ માટે પ્રાર્થના કરવામાં આવી. આયુર્વેદ, સ્વસ્થ જીવનશૈલી અને સમૃદ્ધિના સંકલ્પ સાથે આ પાવન પ્રસંગે ગાંધીજીના સંસ્કાર અને આધ્યાત્મિક પરંપરાનું સુંદર સંમિશ્રણ જોવા મળ્યું.

## સરદાર પટેલ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, રાંધેજા: ૪૮ વર્ષની સેવાગાથા (31/10/2025)




સરદાર પટેલ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, રાંધેજાએ કૃષિ, શિક્ષણ અને વિજ્ઞાન ક્ષેત્રે 48 વર્ષોની સમર્પિત સેવાયાત્રા પૂર્ણ કરી. નવીન સંશોધન અને આધુનિક તકનીકો દ્વારા ખેડૂતો અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતાં આ કેન્દ્ર ગ્રામ્ય વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી પ્રેરણાનું સ્રોત બની રહ્યું છે.

## 106 વર્ષનું ગૌરવ: ગૂજરાત વિદ્યાપીઠના સ્થાપનાદિનની ઉજવણી (18/10/2025)

ગૂજરાત વિદ્યાપીઠના અમદાવાદ ખાતેના પરિસરમાં 106મા સ્થાપનાદિનની ઉજવણી ઉત્સાહ અને ગૌરવ સાથે કરવામાં આવી. મહાત્મા ગાંધીજી દ્વારા 1920માં સ્થાપિત આ સંસ્થા સ્વદેશી, સ્વરાજ અને સેવાના આદર્શોને આધાર બનાવી મન, શરીર અને આત્માના સર્વાંગી વિકાસની પરંપરા આજે પણ અવિરત આગળ ધપાવી રહી છે. એક સદીથી વધુ સમયથી સમાજને પ્રેરણા આપતી આ વિદ્યાપીઠની વારસાગાથા નવી પેઢીને મૂલ્યઆધારિત શિક્ષણ તરફ દોરી રહી છે.







## અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ

### સ્નાતક સંઘ: પરંપરા અને પ્રગતિનો સંવાદ (03/10/2025)



આચાર્ય જિનાભાઈ ગિડવાણીની પ્રેરણાદાયી દૃષ્ટિથી આજની પેઢી સુધી ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક સંઘે સેવા, સ્વાવલંબન અને સમુદાયભાવના જેવા શાશ્વત મૂલ્યોને અખંડિત રીતે આગળ ધપાવ્યા છે. માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલની અધ્યક્ષતામાં આયોજિત આ વિશેષ પુનર્મિલન સભામાં ભૂતપૂર્વ તથા વર્તમાન વિદ્યાર્થીઓએ સ્મૃતિઓને ઉજવી અને પત્રકારિતા, સમૂહ સંચાર તથા ઑડિયો-વિઝ્યુઅલ સર્જન વિષયક વિચારમંથન દ્વારા નવી દિશાઓ પર સંવાદ સાધ્યો. પરંપરા અને નવીનતા વચ્ચેનું આ સુમેળભર્યું મિલન ગૂજરાત વિદ્યાપીઠના શૈક્ષણિક સંસ્કાર અને સમાજનિર્માણના ધ્યેયને ઉજાગર કરતું બન્યું.

### જાપાનથી ગૂજરાત વિદ્યાપીઠ સુધી: સંસ્કૃતિ અને સંસ્કારનો સેતુ (04/10/2025)



જાપાનથી આવેલા નવ વિદ્યાર્થીઓ અને એક પ્રાધ્યાપિકાએ ગૂજરાત વિદ્યાપીઠની વારસાગત પરંપરા અને જીવંત શૈક્ષણિક સંસ્કૃતિનો નજીકથી અનુભવ કર્યો. ખાસ વાત એ હતી કે આ પ્રાધ્યાપિકા પોતે ક્યારેક અહીંની વિદ્યાર્થિની રહી ચૂક્યા છે અને આજે પોતાના વિદ્યાર્થીઓ સાથે પાછા આવી, જીવનને આકાર આપનાર મૂલ્યો સાથે ફરી એકવાર જોડાઈ. આ મુલાકાત દ્વારા સંસ્કૃતિ, જિજ્ઞાસા અને શિક્ષણ પ્રત્યેના પરસ્પર સન્માનનો સુંદર સંવાદ રચાયો, જે સીમાઓથી પરના માનવીય બંધન અને જ્ઞાનપરંપરાની વૈશ્વિક ભાવનાને પ્રગટ કરતો રહ્યો.

### જમનલાલ બજાજ પુરસ્કારથી સન્માનિત ગૂજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટીશ્રી (30/10/2025)

ગૂજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટી શ્રી હસમુખભાઈ પટેલને ગ્રામ્ય વિકાસ અને સમુદાય સશક્તિકરણ ક્ષેત્રે તેમના ચાર દાયકાથી વધુ સમયના અવિરત સેવાકાર્ય બદલ જમનલાલ બજાજ પુરસ્કાર–2025થી સન્માનિત કરવામાં આવ્યા. અમીરગઢ અને વાવના આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ, આરોગ્ય, કુપોષણ નિવારણ, જળસંરક્ષણ અને કૃષિ સ્વાવલંબન માટે કરેલા પ્રયત્નો ગાંધીજી, વિનોબાભાવે અને જયપ્રકાશ નારાયણના આદર્શોથી પ્રેરિત રહી, ટકાઉ સામાજિક પરિવર્તનની દીપશિખા પ્રગટાવતા રહ્યા છે.




## પ્રાકૃતિક ખેતી દ્વારા ગ્રામ્ય વિકાસ તરફ ગૂજરાત વિદ્યાપીઠનો સંકલ્પ

### પ્રાકૃતિક ખેતી દ્વારા ગ્રામ્ય વિકાસની નવી દિશા (29/10/2025)

માનનીય રાજ્યપાલ અને ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરણાથી શરૂ થયેલા પ્રાકૃતિક ખેતી અભિયાન અંતર્ગત, કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલના માર્ગદર્શન હેઠળ રાંધેજા સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં વિવિધ પાકોમાં પ્રાકૃતિક ખેતીના સફળ પ્રયોગો કરવામાં આવ્યા. મગ, અડદ, ગુવાર જેવા પાકોમાં મળેલા ઉત્સાહવર્ધક પરિણામોએ ટકાઉ કૃષિ, પર્યાવરણ સંરક્ષણ અને ખેડૂત કલ્યાણ માટે નવી આશાનું કિરણ પ્રગટ કર્યું. આ પ્રયાસ ગૂજરાત વિદ્યાપીઠની ગ્રામસેવા અને સ્વાવલંબનની પરંપરાને વધુ મજબૂત બનાવે છે.



# સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે ગૂજરાત વિદ્યાપીઠમાં એકતા, વિચાર અને વારસાની પ્રેરણાદાયક ઉજવણી (31/10/2025)

## રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે એકતા યાત્રામાં ગૂજરાત વિદ્યાપીઠની ભાગીદારી



સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ તથા રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે અમદાવાદ મહાનગરપાલિકા અને જિલ્લા પ્રશાસન દ્વારા આયોજિત એકતા યાત્રામાં ગૂજરાત વિદ્યાપીઠના માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલ તથા વિદ્યાપીઠના સભ્યોએ ગૌરવપૂર્વક ભાગ લીધો. માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલજીની ઉપસ્થિતિએ યાત્રાને વિશેષ ગૌરવ મળ્યું. એકતા અને રાષ્ટ્રનિર્માણના ભાવ સાથેનો આ સંકલ્પ પ્રેરણાદાયી બન્યો.

## લોખંડી પુરુષના જીવનદર્શન પર પ્રેરક વ્યાખ્યાન




ગૂજરાત વિદ્યાપીઠમાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે વ્યાખ્યાનમાળા યોજાઈ. માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલની અધ્યક્ષતામાં અને વરિષ્ઠ પત્રકાર શ્રી મણિભાઈ પટેલની ઉપસ્થિતિમાં સરદારશ્રીના શિસ્ત, સ્વાભિમાન, સ્વદેશી અને રાષ્ટ્રીય એકતાના મૂલ્યોને ઉજાગર કરી, તેમને જીવનમાં અમલમાં મૂકવાનો સંકલ્પ વ્યક્ત થયો.



## ગ્રંથાલયમાં સરદાર પટેલ પુસ્તક પ્રદર્શનીનું ઉદ્ઘાટન (31/10/2025)



સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે ગૂજરાત વિદ્યાપીઠના ગ્રંથાલયમાં માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલ દ્વારા વિશેષ પુસ્તક પ્રદર્શનીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. સરદારશ્રીના જીવન, વિચારો અને રાષ્ટ્રનિર્માણમાં આપેલા અનન્ય યોગદાનને સમર્પિત આ પ્રદર્શનીએ વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય ચેતના સંદર્ભે નવી પ્રેરણા આપી.


## એકતા યાત્રા: વારસા અને સેવાભાવનું સંમિલન (31/10/2025)




સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ અને રાંધેજા સ્થિત સરદાર પટેલ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના ૪૮ વર્ષ પૂર્ણ થવાના અવસરે ઉગમણી ભાગોળથી કેન્દ્ર સુધી એકતા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું. કર્મચારીઓ અને ગ્રામજનોની સહભાગિતાથી યોજાયેલી આ યાત્રાએ એકતા, સમર્પણ અને 'લોખંડી પુરુષ'ના પ્રેરણાદાયક વારસાને ઉજાગર કર્યો.

# આગામી કાર્યક્રમો

## નવેમ્બર-2025




| | |
|---|---|
| 10-15 November | સ્વદેશી ગ્રામજીવન સ્વાવલંબન યાત્રા |
| 13-21 November | અમદાવાદ આંતરરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવ ૨૦૨૫ અંતર્ગત ગૂજરાત વિદ્યાપીઠની ભાગીદારી |
| 24 November | વિશ્વ વારસા સપ્તાહની ઉજવણી નિમિત્તે લોથલનાં પ્રાચીન પુરાતત્ત્વીય અવશેષોનું પ્રદર્શન |
| ૨7 November | યોગ વિભાગ દ્વારા આયોજિત કૃત્રિમ બૌદ્ધિકતા (AI) પર સેમિનાર |




દેશ નું સ્વાભિમાન, સ્વદેશી અભિયાન

